# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં નંદ કિશોર સોમાણી કેન્સર કેર બ્લોકનું ઉદ્ઘાટન કરશે.

2) કોંગ્રેસે કેરળ વિધાનસભા ચૂંટણી માટે 37 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી

3) મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં 11 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું

4) ખાડી ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉર્જા કેન્દ્રો પર હુમલાઓ બાદ તણાવ વધ્યો - ભારતે હુમલાઓની ટીકા કરી

5) ભારત 2028 વિશ્વ ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આયોજન કરશે.

6) ફ્રાન્સમાં રમાતી ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટનમાં તન્વી શર્મા, ઇશારાની બરુઆ અને માલવિકા બંસોડ મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોચ્યાં

.................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ – VRINDAVAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં રામકૃષ્ણ મિશન સેવાશ્રમ ખાતે નંદ કિશોર સોમાણી કેન્સર કેર બ્લોકનું ઉદ્ઘાટન કરશે.

સાંભળીએ એક અહેવાલ....

## VC- DEPENDER VOICE CAST

રાષ્ટ્રપતિએ ગઈકાલે વૃંદાવનમાં પ્રેમ મંદિર અને ઇસ્કોન મંદિરમાં આરતીમાં ભાગ લીધો હતો. ગઈકાલે, તેમણે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરની મુલાકાત લીધી અને શ્રી રામ યંત્ર સ્થાપન સમારોહમાં ભાગ લીધો.

આ પ્રસંગે, રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે દેશ એક સમાવેશી સમાજ અને વિકસિત રાષ્ટ્રના નિર્માણ તરફ આગળ વધી રહ્યો છે.

# PM-AMIR QATAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાની સાથે ફોન પર વાત કરી હતી અને ઈદની શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ કહ્યું કે ભારત કતાર સાથે છે અને પ્રદેશના ઉર્જા માળખા પર થયેલા હુમલાઓની નિંદા કરે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કતારમાં ભારતીય સમુદાયની સંભાળ અને સમર્થન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા

માટે પ્રાર્થના કરી. બંને નેતાઓએ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા સલામત અને અવરોધ વિના દરિયાઈ પરિવહન પર ભાર મૂક્યો.

## PM-IGNCA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સના ટ્રસ્ટીઓને મળી દેશની વૈવિધ્યસભર સંસ્કૃતિને વધુ લોકપ્રિય બનાવવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે આ મુલાકાત, વધુમાં વધુ લોકોને જોડવા, ડિજિટલ પહેલ ના મધ્યમથી લોકો સુધી પહોંચ વધારવા અને અને દેશના સમૃદ્ધ વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે કલાકારો અને વિદ્વાનોને ટેકો આપવા પર કેન્દ્રિત હતી.

## KERALA-CONGRESS CANDIDATE LIST

કોંગ્રેસે કેરળ વિધાનસભા ચૂંટણી માટે 37 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીના વરિષ્ઠ નેતા વી.એસ. શિવકુમારને અરુવિક્કારા મતવિસ્તારમાંથી અને ભૂતપૂર્વ ધારાસભ્ય કે.એસ. સબરીનાધનને નેમોમમાંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

સંદીપ વોરિયર- ત્રિકારીપુરથી, મોહમ્મદ શિયાસ- કોચીથી, નદ્દાકોમ સુરેશ- એટ્ટુમનૂરથી અને રાજ્ય યુવા કોંગ્રેસ સચિવ અબીન વર્કી અરનમુલાથી ચૂંટણી લડશે.

ઉલ્લેખનીય છે કે, આવતા મહિનાની 9મી તારીખે યોજાનાર કેરળ વિધાનસભાની ચૂંટણી માટે જાહેર કરાયેલ પાર્ટીની પ્રથમ યાદીમાં 55 ઉમેદવારો હતા.

# MAHA-NAXAL SURRENDER

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં અગિયાર માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ.....

**VC-HEMANGINI**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WESTERN ASIA

પશ્ચિમ એશિયામાં હવાઈ હુમલાઓ અને મહત્વપૂર્ણ ઉર્જા સ્થાપનો પર હુમલાઓ સાથે તણાવ સતત વધી રહ્યો છે.

ઇઝરાયલ લેબનોનમાં ઊંડે સુધી હવાઈ હુમલાઓ કરી રહ્યું છે. મધ્ય બેરૂતના બસ્તા અને ઝુકાક અલ-બલાટ વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં 12 લોકો માર્યા ગયા હતા. તાત્કાલિક યુદ્ધવિરામ માટે યુએનના આહ્વાન છતાં, ઇઝરાયલી દળો લિટાની નદી તરફ આગળ વધી રહ્યા છે.

સંયુક્ત આરબ અમીરાતના અધિકારીઓએ અનેક મિસાઇલો અને ડ્રોનને તોડી પાડવાની પુષ્ટિ કરી. તેમણે કહ્યું કે તેનાથી વીજ સ્થાપનોમાં કેટલાક વિક્ષેપો થયા છે અને કામગીરી પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે. દરમિયાન એક સંકલિત રાજદ્વારી પ્રતિભાવમાં, 12 આરબ અને ઇસ્લામિક દેશોના વિદેશ મંત્રીઓ રિયાધમાં એક સંયુક્ત નિવેદન બહાર પાડીને નાગરિક માળખા પર ઇરાની મિસાઇલ હુમલાઓની નિંદા કરી છે.

# MEA BRIFING

ભારતે ખાડી ક્ષેત્રમાં ઉર્જા સ્થાપનો પર થયેલા તાજેતરના હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, આ હુમલાઓથી વૈશ્વિક ઉર્જા પરિદ્રશ્યને વધુ અસ્થિર થાય તેવું જોખમ છે.

શ્રી જયસ્વાલે કહ્યું, LPG ગેસની ઉપલબ્ધતા પર નજર રાખવામાં આવી રહી છે. સરકાર ઘરેલુ ગ્રાહકોને પ્રાથમિકતા આપી રહી છે અને ઉર્જાના વિવિધ સ્ત્રોતના ઉપયોગ પર કામ કરી રહી છે. શ્રી જયસ્વાલે ઉમેર્યું, બાંગ્લાદેશ, શ્રીલંકા અને મૉલદીવ સહિત અન્ય પાડોશી દેશે ભારત પાસેથી ઉર્જા મદદની માગ કરી છે.

## બાઈટ : રણધીર જયસ્વાલ

શ્રી જયસ્વાલે વધુમાં કહ્યું, હોર્મૂઝ સામુદ્રધુની ક્ષેત્રમાં ભારતના હાલ 22 જહાજ છે. તેમાં 611 જેટલા ભારતીય નાવિક હાજર છે. તેમણે ભારત સરકાર કંપનીઓના સંપર્કમાં છે અને ઘણા નાવિક સલામત રીતે પરત પણ આવી ગયા હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો.

## IRAN-WEST ASIA

ઈરાને પશ્ચિમ એશિયાના દેશોને અમેરિકાને તેમના પ્રદેશોમાં લશ્કરી થાણાઓનો ઉપયોગ કરતા અટકાવવા હાકલ કરી છે અને કહ્યું કે આ થાણાઓ વર્તમાન કટોકટીનું મૂળ કારણ છે માટે અમેરિકા અને ઈઝરાયલને ઈરાન સામે લશ્કરી આક્રમણ માટે આ પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા, ઇસ્માસિલ બાધાઈએ ચેતવણી પણ આપી કે જો ઈરાન પર હુમલામાં તે સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવે તો યુએસ લશ્કરી થાણાઓનું આયોજન કરતા દેશોને પરિણામોનો સામનો કરવો પડી શકે છે. તે જ સમયે, તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા અને પ્રાદેશિક સહયોગ પ્રત્યે

ઈરાનની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી. ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ઉમેર્યું કે ઈરાનને સ્વ-બચાવનો અધિકાર છે.

## INDIA-WORLD-INDOOR-ATHLETICS-CHAMPIONSHIPS

ભારત 2028 વિશ્વ ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આયોજન કરશે. આ ચેમ્પિયનશિપ ઓડિશાના ભુવનેશ્વરમાં કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સ ખાતે યોજાશે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

BYTE: PRIYANKA FSS

આ વર્ષની વિશ્વ ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ આજથી પોલેન્ડના ટોરુનમાં શરૂ થઈ રહી છે. તેમાં 26 ઇવેન્ટ્સ હશે.

## BADMINTON-ORLEANS MASTERS

ફ્રાન્સમાં રમાઈ રહેલી ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટન સ્પર્ધામાં તન્વી શર્મા, ઈશારાની બરુઆહ અને માલવિકા બંસોદે મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. મહિલા સિંગલ્સ રાઉન્ડ ઓફ 16ની મેચમાં તન્વીએ તેની જ દેશબંધુ અનમોલ ખાર્બને ૨૧-૧૪, ૨૧-૧૭થી હરાવી, જ્યારે ઈશારાની બરુઆહે કેનેડિયન ખેલાડી વેન યુ ઝાંગને ૨૧-૧૧, ૧૪-૨૧, ૨૧-૧૭થી હરાવી. માલવિકા બંસોદે મલેશિયન ખેલાડી વોંગ લિંગ ચિંગને ૨૪-૨૨, ૨૧-૧૩થી હરાવી.

બીજી તરફ ભારતીય પુરુષ ડબલ્સ જોડી અર્જુન મદાથિલ રામચંદ્રન અને હરિહરન અમસાકારુનન પણ સ્કોટિશ જોડીને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશી છે. જ્યારે મેન્સ સિંગલ્સમાં, આયુષ શેટ્ટી જાપાનના ખેલાડી સામે હારી ગયો છે.

## DEFENCE- MoU

હેડક્વાર્ટર ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ અને સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર, ISRO એ હાલના સેટેલાઇટ-આધારિત ટેલિકોમ્યુનિકેશન નોડ્સની જાળવણી અને સશસ્ત્ર દળો માટે વધારાના નોડ્સની જોગવાઈ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ MoU પર ડેપ્યુટી ચીફ ઓફ ધ ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ, એર માર્શલ શંકર સુબ્રમણ્યમ અને સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટરના ડિરેક્ટર, નિલેશ એમ દેસાઈ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સોશિયલ મીડિયા સંદેશમાં, સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે બંને પક્ષોએ વર્તમાન ટેલિમેડિસિન ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સમીક્ષા કરી હતી અને આગામી પેઢીના ટેલિમેડિસિન નોડ્સ માટેના રોડમેપ પર ચર્ચા કરી હતી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

- પશ્ચિમ એશિયામાં સર્જાયેલા સંકટ વચ્ચે દેશમાં એલપીજી તેમજ ઉર્જા પુરવઠા તથા શેરબજારના ગાબડાંને તેમજ દેશભરમાં થયેલ હવામાન પલટાના સમાચારને આજના અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- દિવ્યભાસ્કરે તેના મુખ્ય મથાળામાં લખ્યું છે કે યુદ્ધથી તેલમાં આગ હવે બચત માટે જંગ.
- સંદેશે ટાંકયું છે યુદ્ધની જ્વાળામાં શેર બજાર સ્વાહા-22 માહિનાનું મોટું ગાબડું.
- એલપીજી પુરવઠા અંગે સંદેશ લખે છે સરકારે સ્વીકાર્યું –એલપીજી પુરવઠાની સ્થિતિ ચિંતાનો વિષય, ક્રૂડ ઓઇલની આયાત યથાવત.
- ગુજરાત સમાચારે ભર ઉનાળે વાવાઝોડા સાથે વરસાદ, હિમ વર્ષા.
- હવામાન અંગે દિવ્ય ભાસ્કરે ટાંકયું છે રાજ્યના 80 તાલુકામાં ભારે વાવાઝોડા સાથે 2 ઇંચ વરસાદ, વૃક્ષો ધરાશાયી, ખેતીને નુકસાન.